इस पुस्तिका में **20** मुद्रित पृष्ठ हैं।
This Booklet contains **20** printed pages.

www.prepp.in

# MVD18—II

परीक्षा पुस्तिका संख्या
Test Booklet No.

Prepp
Your Personal Exams Guide

LANG. CODE
**06**

## प्रश्न-पत्र—II / PAPER—II
## गुजराती भाषा परिशिष्ट / GUJARATI LANGUAGE SUPPLEMENT
## भाग IV & V / PART IV & V

परीक्षा पुस्तिका संकेत
**Test Booklet Code**

**M**

**इस परीक्षा पुस्तिका को तब तक न खोलें जब तक कहा न जाए।**
**Do not open this Test Booklet until you are asked to do so.**

**इस परीक्षा पुस्तिका के पिछले आवरण (पृष्ठ संख्या 20) पर दिए गए निर्देशों को ध्यान से पढ़ें।**
**Read carefully the Instructions on the Back Cover (Page No. 20) of this Test Booklet.**

**गुजराती में निर्देशों के लिए इस पुस्तिका के पृष्ठ संख्या 2 व 19 देखें।**
**For Instructions in Gujarati, see Page Nos. 2 and 19 of this Booklet.**

### *परीक्षार्थियों के लिए निर्देश :*

1. यह पुस्तिका मुख्य परीक्षा पुस्तिका का एक परिशिष्ट है, उन परीक्षार्थियों के लिए जो **या** तो भाग—IV (भाषा—I) **या** भाग—V (भाषा—II) **गुजराती** भाषा में देना चाहते हैं, लेकिन **दोनों नहीं**।
2. परीक्षार्थी भाग I, II, III के उत्तर मुख्य परीक्षा पुस्तिका से दें और भाग IV व V के उत्तर उनके द्वारा चुनी भाषाओं से।
3. अंग्रेजी व हिन्दी भाषा पर प्रश्न मुख्य परीक्षा पुस्तिका में भाग—IV व भाग—V के अन्तर्गत दिए गए हैं। भाषा परिशिष्टों को आप अलग से माँग सकते हैं।
4. इस पृष्ठ पर विवरण अंकित करने एवं उत्तर-पत्र पर निशान लगाने के लिए **केवल काले/नीले बॉलपॉइंट पेन** का प्रयोग करें।
5. इस भाषा पुस्तिका का **संकेत M** है। यह सुनिश्चित कर लें कि इस भाषा परिशिष्ट परीक्षा पुस्तिका का संकेत, उत्तर-पत्र के **पृष्ठ-2** एवं मुख्य परीक्षा पुस्तिका पर छपे संकेत से मिलता है। अगर यह भिन्न हो, तो परीक्षार्थी दूसरी भाषा परिशिष्ट परीक्षा पुस्तिका लेने के लिए निरीक्षक को तुरन्त अवगत कराएँ।
6. इस परीक्षा पुस्तिका में **दो** भाग IV और V हैं, जिनमें **60** वस्तुनिष्ठ प्रश्न हैं तथा प्रत्येक 1 अंक का है :

   भाग—IV : भाषा—I (गुजराती) (प्रश्न सं० 91–120)
   भाग—V : भाषा—II (गुजराती) (प्रश्न सं० 121–150)
7. भाग—IV में भाषा—I के लिए 30 प्रश्न और भाग—V में भाषा—II के लिए 30 प्रश्न दिए गए हैं। इस परीक्षा पुस्तिका में केवल गुजराती भाषा से सम्बन्धित प्रश्न दिए गए हैं। **यदि भाषा—I और/या भाषा—II में आपके द्वारा चुनी गई भाषा(एँ) गुजराती के अलावा है/हैं, तो कृपया उस भाषा वाली परीक्षा पुस्तिका माँग लें। जिन भाषाओं के प्रश्नों के उत्तर आप दे रहे हैं वह आवेदन-पत्र में चुनी गई भाषाओं से अवश्य मेल खानी चाहिए।**
8. **परीक्षार्थी भाग—V (भाषा—II) के लिए, भाषा सूची से ऐसी भाषा चुनें जो उनके द्वारा भाषा—I (भाग—IV) में चुनी गई भाषा से भिन्न हो।**
9. रफ़ कार्य परीक्षा पुस्तिका में इस प्रयोजन के लिए दी गई खाली जगह पर ही करें।
10. सभी उत्तर केवल OMR उत्तर-पत्र पर ही अंकित करें। अपने उत्तर ध्यानपूर्वक अंकित करें। उत्तर बदलने हेतु श्वेत रंजक का प्रयोग निषिद्ध है।

### *Instructions for Candidates :*

1. This Booklet is a Supplement to the Main Test Booklet for those candidates who wish to answer **EITHER** Part—IV (Language—I) **OR** Part—V (Language—II) in **GUJARATI** language, but **NOT BOTH**.
2. Candidates are required to answer Parts I, II, III from the Main Test Booklet and Parts IV and V from the languages chosen by them.
3. Questions on English and Hindi languages for Part—IV and Part—V have been given in the Main Test Booklet. Language Supplements can be asked for separately.
4. Use **Black/Blue Ballpoint Pen only** for writing particulars on this page/marking responses in the Answer Sheet.
5. The CODE for this Language Booklet is **M**. Make sure that the CODE printed on **Side-2** of the Answer Sheet and on your Main Test Booklet is the same as that on this Language Supplement Test Booklet. In case of discrepancy, the candidate should immediately report the matter to the Invigilator for replacement of the Language Supplement Test Booklet.
6. This Test Booklet has **Two** Parts, IV and V, consisting of **60** Objective-type Questions and each carrying 1 mark :

   Part—IV : Language—I (Gujarati) (Q. Nos. 91–120)
   Part—V : Language—II (Gujarati) (Q. Nos. 121–150)
7. Part—IV contains 30 questions for Language—I and Part—V contains 30 questions for Language—II. In this Test Booklet, only questions pertaining to Gujarati Language have been given. **In case, the language(s) you have opted for as Language—I and/or Language—II is a language other than Gujarati, please ask for a Test Booklet that contains questions on that language. The languages being answered must tally with the languages opted for in your Application Form.**
8. **Candidates are required to attempt questions in Part—V (Language—II) in a language other than the one chosen as Language—I (Part—IV) from the list of languages.**
9. Rough work should be done only in the space provided in the Test Booklet for the same.
10. The answers are to be recorded on the OMR Answer Sheet only. Mark your responses carefully. No whitener is allowed for changing answers.

परीक्षार्थी का नाम (बड़े अक्षरों में) : ____________________
Name of the Candidate (in Capital letters)

अनुक्रमांक (अंकों में) : ____________________
Roll Number (in figures)

(शब्दों में) : ____________________
(in words)

परीक्षा-केन्द्र (बड़े अक्षरों में) : ____________________
Centre of Examination (in Capital letters)

परीक्षार्थी के हस्ताक्षर : ____________________
Candidate's Signature

निरीक्षक के हस्ताक्षर : ____________________
Invigilator's Signature

Facsimile Signature Stamp of Centre Superintendent ____________________

આ પુસ્તિકામાં **20** પાનાં છે.

www.prepp.in

LANG. CODE

**06**

# MVD18—II

## પેપર—II

## ગુજરાતી ભાષા પરિશિષ્ટ

## ભાગ – IV & V

પરીક્ષા પુસ્તિકા સંકેત

Prepp Your Personal Exams Guide

આ પરીક્ષા પુસ્તિકાને સૂચના મળે પછી જ ખોલવી.

આ પરીક્ષા પુસ્તિકાના પાછળના આવરણમાં (**19** & **20**) આપેલા નિર્દેશોને ધ્યાનથી વાચો.

***પરીક્ષાર્થીઓ માટે દિશા નિર્દેશ :***

1. આ પુસ્તિકા મુખ્ય પરીક્ષા પુસ્તિકાનું એક પરિશિષ્ટ છે, તે પરીક્ષાર્થી માટે જે ભાગ—IV (ભાષા—I) **અથવા** ભાગ—V (ભાષા—II) ગુજરાતી ભાષામાં આપવા ચાહે છે, પણ બન્ને નહિ **ફક્ત એકજ.**

2. પરીક્ષાર્થી ભાગ—I, II, III ના ઉત્તર મુખ્ય પરીક્ષા પુસ્તિકામાં આપે અને ભાગ—IV અને V ના ઉત્તર તેમણે ચયન કરેલ ભાષામાં આપે.

3. અંગ્રેજી અને હિન્દી ભાષાના પ્રશ્નો મુખ્ય પરીક્ષા પુસ્તિકાના ભાગ—IV અને ભાગ—V ના અન્તર્ગત આપેલા છે. ભાષા પરિશિષ્ટોને તમે અલગથી માગી શકો છો.

4. આ પૃષ્ઠ પર વિવરણ અંકિત કરવા તથા ઉત્તરપત્રિકામાં નિશાન લગાડવા માટે **માત્ર બ્લેક/બ્લ્યૂ બૉલ પોઇંટ પેનનો** જ પ્રયોગ કરી શકે છે।

5. આ ભાષા પુસ્તિકાનો સંકેત (code) **M** છે. આ વાતની ખાતરી કરી લેવી કે ભાષા પરિશિષ્ટ પુસ્તિકાનો સંકેત, ઉત્તર પત્રના **પૃષ્ઠ-2** અને મુખ્ય પરીક્ષા પુસ્તિકા પર છાપેલા સંકેતથી મેળ થાય છે કે નહિ. જો તે જુદો હોય તો પરીક્ષાર્થી બીજી ભાષા પરિશિષ્ટ પરીક્ષા પુસ્તિકા લેવા માટે નિરીક્ષકને તરત જ સૂચિત કરે.

6. આ પુસ્તિકામાં બે ભાગ—IV અને V છે. જેમાં કુલ **60** વસ્તુનિષ્ઠ પ્રશ્નો છે જે પ્રત્યેક 1 ગુણ ધરાવે છે :

   ભાગ—IV : ભાષા—I (ગુજરાતી) (પ્રશ્ન સં. 91–120)

   ભાગ—V : ભાષા—II (ગુજરાતી) (પ્રશ્ન સં. 121–150)

7. ભાગ—IV માં ભાષા—I માટે 30 પ્રશ્ન અને ભાગ—V માં ભાષા—II માટે 30 પ્રશ્નો આપેલા છે. આ પરીક્ષા પુસ્તિકામાં માત્ર ગુજરાતી ભાષા સંબંધિત પ્રશ્નો આપેલા છે. **જો ભાષા—I અને/અથવા II માં તમારી ચયન કરેલ ભાષા ગુજરાતી સિવાયની છે તો આપને ગુજરાતી ભાષા વાળી પુસ્તિકા માંગી લેવી. જે ભાષાઓના પ્રશ્નોના ઉત્તર આપ આપી રહ્યા છો તે આવેદન પત્રમાં ચયન કરેલ ભાષાથી અવશ્ય મેળ ખાવા જોઈએ.**

8. **પરીક્ષાર્થી ભાગ—V (ભાષા—II) માટે ભાષા સૂચીમાંથી એવી ભાષાનું ચયન કરે જે તેમના દ્વારા ભાષા—I (ભાગ—IV) માં ચયન કરેલી ભાષાથી જુદી હોય.**

9. રફ કાર્ય પરીક્ષા પુસ્તિકામાં આ માટે આપેલ ખાલી જગ્યામાં જ કરવું.

10. બધા ઉત્તર માત્ર ઓ. એમ. આર. (OMR) ઉત્તર પત્ર પર જ અંકિત કરવા. પોતાના ઉત્તર ધ્યાનપૂર્વક અંકિત કરવા. ઉત્તર બદલવા માટે શ્વેત રંજક (whitener) નો પ્રયોગ નિષિદ્ધ છે.

પરીક્ષાર્થીનું નામ (મોટા અક્ષરોમાં) : ____________________

અનુક્રમાંક (અંકોમાં) : ____________________

(શબ્દોમાં) : ____________________

પરીક્ષા કેંદ્ર (મોટા અક્ષરોમાં) : ____________________

પરીક્ષાર્થી દસ્તખત : ____________________ નિરીક્ષક દસ્તખત : ____________________

Facsimile signature stamp of Centre Superintendent ____________________

Prepp
Your Personal Exams Guide

પરીક્ષાર્થીઓ ભાગ–**IV** (પ્રશ્ન **91–120**) ફક્ત ગુજરાતી ભાષા–**I** નો વિકલ્પ પસંદ કરનારે જ લખવા.

Candidates should attempt the questions from **Part–IV (Q. Nos. 91–120)**, if they have opted **GUJARATI** as **Language–I** only.

# Part—IV / ભાગ-IV

## Language—I / ભાષા-I

## Gujarati / ગુજરાતી

Prepp
Your Personal Exams Gu

પરીક્ષાર્થીઓ ભાગ-**IV** (પ્રશ્ન **91–120**) ફક્ત ગુજરાતી ભાષા-**I** નો વિકલ્પ પસંદ કરનારે જ લખવા.

*નિર્દેશ* : નીચેના સવાલોના જવાબ યોગ્ય વિકલ્પ પસંદ કરીને લખો (પ્રશ્ન ક્રમાંક **91–105**) :

**91.** ભાષાશિક્ષણના સંદર્ભે નબળા વિદ્યાર્થીઓ માટે સૌથી ઉચિત શિક્ષણ વ્યૂહરચના કઇ છે?

(1) વ્યક્તિગત શિક્ષણ

(2) સમૂહ શિક્ષણ

(3) કાળજીપૂર્વક બારીકાઇથી ભણાવવું

(4) આ બધાં જ

**92.** ભાષા શિક્ષણના હેતુલક્ષી મૂલ્યાંકન માટે એ કેવા પ્રકારનું હોવું જરૂરી છે?

(1) હેતુલક્ષી અને સમીક્ષાત્મક

(2) આકલનકેન્દ્રી અને વર્તનલક્ષી

(3) ભરોસાપાત્ર અને માન્ય

(4) આ તમામ જ

**93.** નીચેમાંથી કઇ બાબત ભાષા શિક્ષણનો હેતુ નથી?

(1) વિચારોનું પ્રકાશન

(2) ભાષાની સમજણ

(3) લેખન દક્ષતા

(4) સર્જનાત્મકતા

**94.** ભાષા કૌશલ્યના સંદર્ભે નીચેનામાંથી કયુ વિધાન ખોટું છે?

(1) ભાષાકૌશલ્યના વિકાસ કરતાં પણ ભાષાનાં નિયમો વધુ મહત્વના છે.

(2) બાળકો ફક્ત શ્રવણ, વાણી, વાચન અને લેખન એ ક્રમમાં જ ભાષા શીખે છે.

(3) વાચન અને લેખનકૌશલ્ય પર શાળામાં વધુ ભાર આપવો જોઇએ

(4) ભાષાના ચારેય કૌશલ્યો પરસ્પર સંબદ્ધ છે



prepp Your Personal Exam Guide

www.prepp.in

Prepp
Your Personal Exams Gu

**95.** ''બાળકને જે ભાષાનું વ્યાકરણ ન આવડતું હોય તે ભાષા બાળક જલ્દી શીખી જાય છે'' – આ વિધાન કોનું છે?

(1) મહર્ષિ પતંજલિ

(2) લોર્ડ સ્વીટ

(3) લોર્ડ મેકોલે

(4) જ્યોં પિગેટ

**96.** વર્ગમાં ભણાવતી વખતે વિદ્યાર્થીઓ એમને ભાષામાં પડતી મુશ્કેલીઓ અને પ્રશ્નો તમારી સમક્ષ મુકે છે. આ સ્થિતિમાં તમે શું કરશો?

(1) તમે વર્ગમાં સજ્જ થઇને જ જશો અને એમની મુશ્કેલીઓ અને પ્રશ્નોના ઉત્તરો આપશો

(2) તમે એમના પ્રશ્નો અને મુશ્કેલીઓની નોંધ કરી લેશો અને બીજા દિવસે એનો જવાબ આપશો

(3) તમે એમને પુસ્તક વાંચી લેવાનું જણાવશો અને પ્રશ્નના ઉત્તરો પછીથી આપશો

(4) તમે આવા વિદ્યાર્થીઓને શિસ્ત ન જાળવવા બદલ ઠપકો આપશો

**97.** ગોખણપટ્ટીની ટેવથી વિદ્યાર્થીઓને શું નુકસાન થાય છે?

(1) તેમની બુદ્ધિમતાનો વિકાસ થતો નથી

(2) તેમનો આત્મવિશ્વાસ ડગમગી જાય છે

(3) તેઓ વર્ગખંડ શિક્ષણથી વિમુખ થઇ જાય છે

(4) ભણતર પર તેઓ સમુચિત ધ્યાન કેન્દ્રિત નથી કરી શકતા

**98.** ભાષાશિક્ષણમાં આગમનાત્મક પદ્ધતિનો એક લાભ એ છે કે.........

(1) વિદ્યાર્થીઓએ ગૃહકાર્ય કરવું પડતું નથી

(2) ગોખણપટ્ટીની આદતથી વિદ્યાર્થીઓ દૂર રહે છે

(3) વર્ગખંડમાં શિસ્ત જળવાઇ રહે છે

(4) વિદ્યાર્થીઓ ઓછા સમયમાં વધુ શીખી શકે છે

**99.** ભાષા કઇ રીતે અભિવ્યક્તિ અને અભિપ્રાયો વ્યક્ત કરવાનું શ્રેષ્ઠ માધ્યમ છે?

(1) પ્રચાર

(2) સંગ્રહ

(3) વિનિમય

(4) આ બધાં જ

Prepp
Your Personal Exam Guide

**100.** એક ભારતીય બાળકને શું શીખવું જરૂરી છે?

www.prepp.in

(1) માતૃભાષા

(2) માતૃભાષા અને પ્રાદેશિક ભાષા

(3) માતૃભાષા અને અંગ્રેજી

(4) કોઇપણ ત્રણ ભાષાઓ

**101.** એક સમાવેશી વર્ગખંડમાં ભાષાશિક્ષણ માટે એક પડકાર નીચેનામાંથી ક્યો છે?

(1) ભાષા શિક્ષણના યોગ્ય વાતાવરણના વિકાસની અક્ષમતા

(2) યોગ્ય શિક્ષણ સામગ્રીનો અભાવ

(3) વિદ્યાર્થીઓની ક્ષમતામાં વિષમતા

(4) વિદ્યાર્થીઓની રુચિમાં ભિન્નતા અને અસમાનતા

**102.** નીચેનામાંથી કઇ બાબત માતૃભાષા શિક્ષણના જ્ઞાનનો હેતુ નથી?

(1) ભાષા તત્વનું પર્યાપ્ત જ્ઞાનાર્જન

(2) વિષયવસ્તુનું જ્ઞાનાર્જન

(3) ઉચ્ચારણનું જ્ઞાનાર્જન

(4) ભાષામાં વિવિધ પ્રકારના લખાણનું જ્ઞાનાર્જન

**103.** નીચેમાંથી કઇ બાબત 'ટિચિંગ મેથડ' છે?

Prepp
Your Personal Exams Gu

(1) ચયન પદ્ધતિ (સિલેક્શન મેથડ)

(2) રુચિ પદ્ધતિ (ઇન્ટરેસ્ટ મેથડ)

(3) પ્રેરણાપદ્ધતિ (મોટિવેશન મેથડ)

(4) આ બધી જ

**104.** ભાષાશિક્ષણમાં દૃશ્ય-શ્રાવ્ય ઉપકરણો કઇ રીતે ઉપયોગી છે?

(1) ચોક્કસ ઉચ્ચારો માટે

(2) શુદ્ધ લેખન માટે

(3) શુદ્ધ વાચન માટે

(4) આમાંથી એકપણ નહીં

**105.** ઉપચારાત્મક શિક્ષણ (રેમેડિયલ ટીચિંગ) એક મેથડ (પદ્ધતિ) છે જે......

(1) સમસ્યાઓને પારખવાની મુશ્કેલીના સ્તરને વધારે છે

(2) સમસ્યા દૂર કરવામાં સફળતા અપાવે છે

(3) સમસ્યાઓને આડાઅવળા ક્રમમાં પ્રસ્તુત કરે છે

(4) સમસ્યાઓ વિશેના ભાષા સિદ્ધાંતો ઉપલબ્ધ કરાવી આપે છે

Prepp Your Personal Exam Guide

*નિર્દેશ* : નીચે આપેલો પરિચ્છેદ ધ્યાનથી વાંચીને તેની નીચે આપેલા પ્રશ્નોના ઉત્તરોમાંથી સાચો ઉત્તર શોધીને લખો (પ્રશ્ન ક્રમાંક **106–114**)

www.prepp.in

વિશ્વના કોઇપણ ધર્મના નિષ્ણાતને જીવનમાં કામિયાબ હોવાની કૂંજી પૂછશો તો એમનો એકમાત્ર સમાન ઉત્તર હશે–''પરિશ્રમ''. પરિશ્રમ, શ્રમ, મહેનત એ જીવનના કોઇપણ ક્ષેત્રમાં કામિયાબ થવાની ગુરુચાવી કે મૂલમંત્ર છે.

પરિશ્રમ એટલે ગધામજૂરી કે નરી તનતોડ મહેનત નહીં પણ કોઇપણ ક્ષેત્રની બારીકીઓને અને પરિમાણોને સમજીને યોજનાપૂર્વક કરવામાં આવતી તૈયારી. શ્રમસાધ્ય સજ્જતા એટલે સફળતાની દિશામાં મંડાતું સુકાન.

જગતમાં તમામ મહાપુરુષોએ પરિશ્રમને પારસમણિ ગણ્યો છે તો વળી ''સિદ્ધિ તેને જઇ વરે જે પરસેવે નહાય'' એવી કાવ્યકણિકાઓ પણ પરિશ્રમની સાર્થકતા ભણી અંગૂલિનિર્દેશ કરે છે તે આપણે જાણીએ છીએ. એક વાત ખાસ સ્મૃતિમાં રાખવાની છે કે અહીં વૈતરું કે મજૂરી કરવાની વાત જ નથી. પરિશ્રમ એટલે જાણે સફળતા ભણી પ્રયાણ. સફળતા એ પરિશ્રમ કરનારનો નૈતિક હક છે. પરિશ્રમ કરનાર પ્રસન્ન અને પ્રફુલ્લિત તો રહે જ છે અને સ્વસ્થ પણ રહે છે. પરિશ્રમની સાથે એક અન્ય વસ્તુ પણ 'પેકેજ'માં આવે છે તે આજના 'પેકેજ' થી પરિચિત યુવાનોએ યાદ રાખવા જેવું છે અને તે છે ધીરજ. પરિશ્રમ ગમે એટલો કરો, કામિયાબી રાતોરાત મળી જતી નથી. 'ઉતાવળે આંબા ન પાકે' એ વિસરવા જેવું નથી. પોતાના ઇચ્છિત ક્ષેત્રમાં ટોચ પર પહોંચવા માટે કોઇ ટૂંકો રસ્તો કે સામાન્ય માર્ગ લેવા કરતાં આકાશ પાતાળ એક કરવા એ થોડો લાંબો પણ સર્વમાન્ય રસ્તો છે અને આ રસ્તો લેનારને જ વિશ્વ અહોભાવ અને આશ્ચર્યથી જુએ છે. પરિશ્રમ એક એવું કલ્પવૃક્ષ છે જેની નીચે બેસનારને સફળતાનું ફળ મળે છે. શ્રમ એ તપ કે તપશ્ચર્યાથી જરાય કમ નથી. પરિશ્રમ પોતે એક એવો પથદર્શક છે જે તમારો હાથ પકડીને તમને સફળતાની રાહ પર ચલાવે છે. કામિયાબી પરિશ્રમની સહચરી છે.

પરિશ્રમની એક વધુ મજા એ પણ છે કે પરિશ્રમથી પ્રાપ્ત વસ્તુ વધુ મધુર અને પોતીકી જણાય છે. પરિશ્રમથી સ્વાસ્થ્ય ઉપરાંત સમય અને નાણાંની દષ્ટિએ પણ સ્વસ્થતા અને ફાયદો થાય છે. પરિશ્રમ માનવના મન અને તન બંનેને કસે છે, ઘડે છે અને આકારે છે.

ધનવાનો નિજી કામ અન્ય પાસે કરાવીને ધન્યતા અનુભવે છે પરંતુ સ્વાસ્થ્ય ગુમાવે છે જ્યારે ખંતીલો માણસ આવું કામ જાતે કરીને સ્વસ્થ અને તંદુરસ્ત રહે છે.

આમ, આપણે જોયું કે પરિશ્રમ એ સર્વ દુ:ખોની દવા, સફળતાની ચાવી, તંદુરસ્તીની કૂંચી અને પ્રગતિનો પથદર્શક છે. યાહોમ કરીને પડો જ.

**106.** 'કામિયાબી પરિશ્રમની સહચરી છે' વાક્યમાં કયો અલંકાર પ્રયુક્ત થયેલો જોઇ શકાય છે?

(1) અનન્વય

(2) સજીવારોપણ

(3) રૂપક

(4) વર્ણસગાઇ

**107.** 'આકાશ પાતાળ એક કરવા' એ કેવો પ્રયોગ કહેવાશે?

(1) રૂઢિપ્રયોગ

(2) બળપ્રયોગ

(3) હવાઇપ્રયોગ

(4) ભાવેપ્રયોગ

**108.** 'કામિયાબી' શબ્દનો પર્યાયવાચી શબ્દ આપો.

(1) હોશિયારી

(2) કાબેલિયત

(3) સાફલ્ય

(4) કામકાજ

**109.** 'કલ્પવૃક્ષ' શબ્દ કેવો સમાસ છે?

www.prepp.in

(1) દ્વંદ્વ

(2) મધ્યમપદલોપી

(3) તત્પુરુષ

(4) દ્વિગુ

**110.** સફળતા ભણી સુકાન માંડવા માટે શું અનિવાર્ય છે?

(1) મહેનત સાથેની તૈયારી

(2) યોજનાબદ્ધ કામ

(3) હાડતોડ વૈતરું

(4) પ્રગતિવાદી અભિગમ

**111.** કઇ ચીજ તપસ્યાથી ઓછી નથી અંકાતી?

(1) સફળતા

(2) નિષ્ફળતા

(3) કામિયાબી

(4) મહેનત

**112.** અભિભૂત થઇને અને અચરજથી દુનિયા કોને ભણી જોતી હોય છે?

(1) પરિશ્રમપૂર્ણ પ્રયાસ કરનારને

(2) સફળતા પ્રાપ્ત કરનારને

(3) સ્વસ્થ અને તંદુરસ્તને

(4) તપસ્યા કરનારને

**113.** મહેનતની સંગિની કોણ છે?

(1) સમર્પણભાવના

(2) સફળતા

(3) પરિશ્રમ

(4) તૈયારી

**114.** 'યાહોમ કરીને પડો' પંક્તિ કોની છે?

(1) ઉમાશંકર જોશી

(2) ન્હાનાલાલ

(3) રવીન્દ્રનાથ ટાગોર

(4) નર્મદ

Prepp
Your Personal Exams Guide

www.prepp.in

*નિર્દેશ* : નીચે આપેલ કાવ્ય ધ્યાનથી વાંચીને તેની નીચે આપેલા ઉત્તરોમાંથી યોગ્ય ઉત્તર પસંદ કરીને જવાબ આપો (પ્રશ્ન ક્રમાંક **115–120**)

અરે ભોળા સ્વામી! પ્રથમથી જ હું જાણતી હતી
ઠગાવાના છો જી જલધિમથને વ્હેંચણી મહીં!
જુઓ ઇન્દ્રે લીધો તુરગમણિ ઉચ્ચૈઃશ્રવાને
વળી લીધો ઐરાવત, જગતના કૌતુક સમો
લીધી કૃષ્ણે લક્ષ્મી, હિમસન લીધો શંખ ધવલ
અને છૂટો મૂક્યો શશિયર સુધાનાં કિરણનો
બધાએ ભેગા થૈ, અમૃત તમને છેતરી, પીધું
અને–'ભૂલે! ભૂલે! અમૃત ઉદધિનું વસત શી?
રહી જેને ભાગ્યે અનુપમ સુધા આ અધરની?
રહો, જાણ્યા એ તો જગમહીં બધે છેતરાઇને
શીખ્યા છો આવીને ઘરની ઘરૂણી એક ઠગતાં
બીજું તો જાણે કે ઠીક જ, વિષ પીધું ક્યમ, કહો?
બન્યું એ તો એવું, ઠની સખી? તહીં મંથન સમે?
દીઠી મેં આલિંગી જલનિધિસુતા કૃષ્ણ તનુને
અને કાળા કંઠે સુભગ કન એવો ભજી રહ્યો,
મને મારા કંઠે મન થયું બસ એ રંગ ધરવા–
મૂકી જો આ બાહુ ધનમહીં ન વિદ્યુત સમ દીસે?
તહીં વિશ્વે આખે પ્રણયધન નિઃસીમ ઊલટયો
અને એ આશ્લેષે વિષ જગતનું સાર્થક બન્યું!

**115.** આ કાવ્ય ક્યા બે ચરિત્રો વચ્ચેનો સંવાદ છે?

(1) રાધાકૃષ્ણ

(2) રામ અને સીતા

(3) ઇન્દ્ર ઇન્દ્રાણી

(4) પાર્વતીશંકર

**116.** ઐરાવત કોનું નામ છે?

(1) કૌરવોના સેનાપતિનું

(2) કૃષ્ણના સારથિનું

(3) હાથીનું

(4) ઇન્દ્રનું બીજુનામ

**117.** કૃષ્ણે પસંદ કરેલા શંખનો રંગ કવિએ કેવો વર્ણવ્યો છે?

(1) કેસરી

(2) સફેદ

(3) પાંચજન્ય

(4) લપોડશંખ

**118.** 'ઘરૂણી' શબ્દનો અર્થ શું થાય છે?

(1) ઘરની રાણી

(2) ઘરરખ્ખું

(3) ગૃહિણી

(4) કામવાળી

**119.** શેની સામે સાગરના અમૃતની કોઇ વિસાત નથી?

(1) ઓષ્ઠસુધા સામે

(2) ચન્દ્રકિરણની શીતળતા સામે

(3) શીતળજળ સામે

(4) પ્રણયામૃત સામે

**120.** જગતનું ઝેર ક્યારે અર્થસભર બને છે?

(1) શિવઉમાના આલિંગને

(2) સમુદ્રમંથન વખતે

(3) શંકરના વિષપાન વખતે

(4) યાદવાસ્થળી વખતે

પરીક્ષાર્થીઓ ભાગ–**V** (પ્રશ્ન **121–150**) ફક્ત ગુજરાતી ભાષા–**II** નો વિકલ્પ પસંદ કરનારે જ લખવા.

Candidates should attempt the questions from **Part–V (Q. Nos. 121–150)**, if they have opted **GUJARATI** as **Language–II** only.

# Part—V / ભાગ-V

## Language—II / ભાષા-II

## Gujarati / ગુજરાતી

પરીક્ષાર્થીઓ ભાગ-**V** (પ્રશ્ન **121–150**) ફક્ત ગુજરાતી ભાષા-**II** નો વિકલ્પ પસંદ કરનારે જ લખવા.

*નિર્દેશ :* નીચેના સવાલોના જવાબ યોગ્ય વિકલ્પ પસંદ કરીને લખો (પ્રશ્ન ક્રમાંક **121–135**) :

**121.** એક સમાવેશી વર્ગખંડમાં બાળકો મોટે ભાગે ............ માં ભૂલો કરતા હોય છે.

(1) વાચન

(2) લેખન

(3) બોલવામાં

(4) આ બધાંમાં

**122.** 'વ્યાકરણ વ્યવહારિક અને સૈદ્ધાન્તિક બંને છે' તમે આ વિધાન સાથે કેટલે અંશે સહમત છો?

(1) પૂર્ણતઃ

(2) આંશિક

(3) સહમત નથી

(4) સહમતિ છે અને નથી

**123.** ઉચ્ચ પ્રાથમિક અથવા માધ્યમિક કક્ષાના વિદ્યાર્થીઓમાં ભાષારુચિ કેળવવા માટે એ જરૂરી છે કે ....

(1) વિદ્યાર્થીઓને પુસ્તક વાચવાનું કહેવું

(2) વિદ્યાર્થીઓને મૌખિક રૂપે વધુને વધુ સમજાવવા

(3) વિદ્યાર્થીઓને વધુ શ્રુતલેખન કરાવવું

(4) વિદ્યાર્થીઓનું વ્યાકરણજ્ઞાન વધારવું

**124.** મૌખિક પ્રસ્તુતિ માટે નીચેનામાંથી કઇ પદ્ધતિ ઉપયોગી નથી?

(1) સ્વર પ્રસ્તુતિ

(2) કાવ્યપાઠ

(3) સમ્મુખ પ્રસ્તુતિ

(4) સંકેત ભાષા દ્વારા પ્રસ્તુતિ

**125.** 'માનવના સંજ્ઞાનાત્મક વિકાસ માટે માતૃભાષા એ માના દૂધ જેટલી જ મહત્વપૂર્ણ છે' – આ વિધાન કોનું છે?

(1) રાજર્ષિ ટંડન

(2) રોયબર્ન

(3) મહાત્મા ગાંધી

(4) વિવેકાનંદ

**126.** જો વિદ્યાર્થીઓને એવી ભાષાના માધ્યમથી ભણાવવામાં આવે જેના પર તેમની પકડ ન હોય તો .....

(1) એ સમુચિત ધ્યાન આપી શકે તે સંભવ નથી

(2) વિદ્યાર્થીઓ ગોખવાની આદત પાડી દે છે

(3) અભ્યાસમાં વિદ્યાર્થીઓની રુચિ ઓછી થઇ જાય છે

(4) ઉપરનાં બધાં જ

**127.** ભાષાશિક્ષણ સંદર્ભે, ભાષાના આત્મસાતીકરણનો મહત્વપૂર્ણ આયામ કયો છે?

(1) શ્રવણ અને વાચન

(2) ફક્ત શ્રવણ

(3) ફક્ત વાચન

(4) ફક્ત લેખન

**128.** ભાષાશિક્ષણમાં શિક્ષણસામગ્રી સામે સૌથી મોટો પડકાર કયો છે?

(1) ઓછા સમયમાં વધુ જાણકારી ઉપલબ્ધ કરાવવી

(2) શિક્ષણસામગ્રીમાં રહેલા અઘરા મુદ્દાઓને યોગ્ય ઢબે સ્પષ્ટ કરવા

(3) પાઠ પ્રત્યે વિદ્યાર્થીઓનું ધ્યાન આકર્ષિત કરવું

(4) ભણાવતી વખતે શિક્ષકોને ઓછો શ્રમ પડે તે

**129.** 'મેધાવી વિદ્યાથીઓના ઉચ્ચારો અને શબ્દભંડોળ વધારે સારા હોય છે' - આ વિધાન કોણે કરેલું?

(1) ટર્મન (Terman)

(2) ફિશર (Fisher)

(3) થંબા (Thamba)

(4) આ બધાં જ

**130.** શબ્દોના અર્થ સ્પષ્ટ કરવા કરતાં વધુ સારી પદ્ધતિ કઇ છે?

(1) શબ્દની સમજૂતી આપવી

(2) શબ્દકોષ તપાસવો

(3) વાક્યોમાં શબ્દોના પ્રયોગો દ્વારા વિદ્યાર્થીઓને પૂર્વાનુમાનની તક આપવી

(4) ભાષાશિક્ષણના માધ્યમથી શબ્દાર્થ સ્પષ્ટ કરવા

**131.** દ્વિતીય ભાષા શીખવામાં નીચેનામાંથી કઇ વસ્તુ મુદ્રિત પાઠ્યપુસ્તક વિના મદદ કરે છે?

(1) સાહજિક કે નૈસર્ગિક અભિગમ

(2) ભાષા પ્રવાહ

(3) વ્યાકરણ અનુવાદ પદ્ધતિ

(4) સ્થિતિજન્ય અભિગમ

**132.** નીચેનામાંથી કઇ બાબત દોષપૂર્ણ વાચનનું એક કારણ છે?

(1) બહુભાષિકતા

(2) દ્વિભાષિકતા

(3) વર્ગમાં વિદ્યાર્થીઓની વધુ સંખ્યા

(4) વાચન વેળા આંખને દોરવણી આપવા માટે અંગૂલિપ્રયોગ કરવો તે

www.prepp.in
Prepp
Your Personal Exams Guide

www.prepp.in

**133.** નીચેનામાંથી કઇ ટિચિંગ-લર્નિંગ તકલીફને કઇ પદ્ધતિથી (જૂની પદ્ધતિથી) હલ કરી શકાય છે?

(1) વાક્યરચનાના ક્રમમાં સહાય કરવી

(2) યોગ્ય ઉચ્ચારો

(3) બાળકોને સ્પષ્ટતાની તકલીફ ન પડે તે

(4) આ બધાં જ

**134.** નીચેનામાંથી કઇ બાબત કૌશલ્યઉદ્દેશો સાથે જોડાયેલી નથી?

(1) વાચન

(2) લેખન

(3) શ્રવણ

(4) ભાષામાં રુચિ

**135.** ભાષાવિકાસને અસર કરનાર પરિબળ ક્યુ છે?

(1) સ્વાસ્થ્ય

(2) બુદ્ધિઆંક

(3) વ્યક્તિગત તફાવત

(4) આ બધાં જ

*નિર્દેશ* : નીચેનો ફકરો કાળજીપૂર્વક વાંચીને એની નીચે આપેલા પ્રશ્નોના ઉત્તરોમાંથી યોગ્ય ઉત્તર પસંદ કરીને લખો (પ્રશ્ન ક્રમાંક **136–143**) :

આપણો ભારત દેશ એક વિરાટ, વિશાળ, વિસ્તૃત, વિલક્ષણ, વિવિધતાપૂર્ણ અને વિધવિધરંગી દેશ છે અને એના બધાં જ રંગો દેખાય છે મેળામાં. ભારતમાં કોઇ પ્રદેશ એવો નથી જ્યાં મેળો ન યોજાતો હોય. મેળો એક પારંપારિક ઉત્સવ છે, ઉજવણી છે.

ગુજરાતની વાત કરીએ તો ગુજરાતમાં અનેક પ્રકારના મેળા યોજાય છે કેમકે ગુજરાતની પ્રજા ઉત્સવપ્રેમી, ઉત્સાહી અને ઉજવણીચાહક છે. ગુજરાતના મેળાઓની વાત કરીએ તો સૌપ્રથમ યાદ આવે તરણેતરનો મેળો. સુરેન્દ્રનગર જિલ્લામાં થાનગઢ પાસે યોજાતો આ મેળો વિશ્વવિખ્યાત છે. તો વળી શ્રદ્ધાળુઓ માટે જૂનાગઢના ભવનાથનો મેળો પણ પ્રસિદ્ધ છે, જ્યાં શિવરાત્રિ ઉપર અનેક અખાડાના સાધુ, સંતો, મહંતો અને ભક્તોની ભીડ જામે છે.

આ થઇ સૌરાષ્ટ્રની વાત. ઉત્તર ગુજરાતમાં પણ હૈયે હૈયુ દળાય એવો વૌઠાનો મેળો અને બહુચરાજીનો મેળો પ્રખ્યાત છે, તો અંબાજીનો મેળો પણ એટલો જ લોકપ્રિય ઉત્સવ અરવલ્લી જિલ્લામાં ગણાય છે. દેવમંદિર મેળા માટેનું મુખ્ય સ્થળ હોય એ સ્વાભાવિક ગણાય છે, તો વિવિધ વાજિંત્રનો નિનાદ એની મુખ્ય 'સાઉન્ડ ઇફેક્ટ' છે.

હાલના સમયમાં વળી અર્વાચીન મેળા પણ યોજાવા લાગ્યા છે જેમાં કોઇ તહેવાર કે તિથિ નિશ્ચિત હોતી નથી પણ ફક્ત આનંદપ્રમોદ જ હોય છે, આવો મેળો 'આનંદમેળો' પણ કહેવાય છે.

મૂળ વાત એ છે કે મેળો કોઇપણ ધાર્મિક કે સાંસ્કૃતિક કારણોસર યોજાતો હોય, એનો હેતુ જનસમુદાયને રોજિંદા સુખદુ:ખ વિસારે પાડીને આનંદ આપવાનો અને ઉજવણી કરવાનો હોય છે. ફિલ્મોમાં પણ મેળાને એક અનોખું સ્થાન મળ્યુ છે. આ નામથી જ ફિલ્મો બની છે તો ગુજરાતી

કવિઓએ પણ મેળાને ધ્યાનમાં રાખીને ગીતો, ગઝલો, કાવ્યો, લખ્યાં છે. ‘શ્રાવણી મેળો’ નામની પ્રસિદ્ધ વાર્તા ઉમાશંકર જોશીએ લખી છે.

www.prepp.in

મેળો ભાતીગળ સંસ્કૃતિનું પ્રતીક છે, રોજિંદા જીવનના થાક અને દોડધામને ઘડી વિસારે પાડી દઇ રગશિયા ગાડાંને ઊંજણ ઉપલબ્ધ કરાવે છે મેળાઓ.

**136.** મેળો કેવા પ્રકારની ઉજવણી છે?

(1) ભાતીગળ

(2) સાંસ્કૃતિક

(3) પારંપારિક

(4) ઐતિહાસિક

**137.** ‘દેવમંદિર’ કેવા પ્રકારનો સમાસ છે?

(1) મધ્યમપદલોપી

(2) તત્પુરુષ

(3) દ્વિગુ

(4) કર્મધારય

**138.** ‘બહુચરાજીનો મેળો’માં કઇ વિભક્તિ [illegible] છે?

(1) તૃતીયા

(2) અધિકરણ

(3) ષષ્ઠિ

(4) દ્વિતીયા તત્પુરુષ

**139.** ઉમાશંકર જોશીએ શેના વિશે વાર્તા લખી છે?

(1) વૌઠાના મેળા વિશે

(2) બહુચરાજીનો મેળો

(3) તરણેતરનો મેળો

(4) શ્રાવણી મેળો

**140.** ‘નિનાદ’ની સમાનાર્થી સંજ્ઞા આપો

(1) વેણુનાદ

(2) અવાજ

(3) શંખનાદ

(4) મેઘનાદ

Prepp
Your Personal Exams Guide

**141.** 'અર્વાચીન'નો વિરુદ્ધાર્થી શબ્દ ક્યો છે?

www.prepp.in

(1) નામચીન

(2) અકસાઇ ચીન

(3) પ્રાચીન

(4) આધુનિક

**142.** 'વિરાટ, વિશાળ, વિસ્તૃત વિલક્ષણ....' માં કયો અલંકાર વાપરાયેલો છે?

(1) વર્ણસગાઇ

(2) અનન્વય

(3) ઉપમા

(4) દૃષ્ટાન્ત

**143.** ગુજરાતનો ક્યો મેળો જગપ્રસિદ્ધ બની રહેલો છે?

(1) અંબાજીનો મેળો

(2) વૈઠાનો મેળો

(3) ભવનાથનો મેળો

(4) તરણેતરનો મેળો

*નિર્દેશ* : નીચે આપેલ પરિચ્છેદને કાળજીપૂર્ ... નીચે આપેલા પ્રશ્નોના ઉત્તરોમાંથી યોગ્ય ઉત્તર પસંદ કરીને લખો (પ્રશ્ન ક્રમાંક **144–150**) :

prepp Your Personal Exams Gu

માનવજીવનામાં પ્રવાસ, પર્યટન, યાત્રાનું મહત્વ કંઇ અનોખું જ છે. વિધવિધ કારણોસર માણસે એકથી અન્ય સ્થળે જવું પડે છે. પ્રવાસના મુખ્ય ત્રણ કારણો હોઇ શકે – વ્યવસાય, વ્યવહાર અને વ્યક્તિગત. આ ત્રણેય કારણોસર લોકો એકથી અન્ય સ્થળે જતા હોય છે. આદિકાળથી જ પ્રવાસ સ્થળાંતર કે અન્ય નામે થતો રહ્યો છે અને પ્રવાસ માટે કારણો પણ માનવને મળતા રહ્યા છે.

ઉપર જેમ આપણે ત્રણ કારણો પ્રવાસ માટે ગણાવ્યા એમ ત્રણ માર્ગો પણ અત્યારે પ્રવાસ માટે આપણી પાસે છે. આ માર્ગો છે દરિયાઇ, ભૂમિ અને હવાઇ. ગુજરાતની વાત કરી એ તો ભારતમાં સૌથી લાંબો સમુદ્રકિનારો ધરાવતા રાજ્ય તરીકે ગુજરાતે છેલ્લા ૩૫૦થી પણ વધુ વર્ષોથી જળમાર્ગ વિકસાવ્યા છે અને વિશ્વભરમાં ઉદ્યોગધંધા ફેલાવ્યા છે. આ થયો વ્યવસાયિક પ્રવાસનો એક પ્રકાર.

અંગ્રેજોના આગમન પછી ભૂમિમાર્ગોની પણ ઉપયોગિતા વધતી ગઇ અને અનેક સડકો, પુલો, નાળાઓ અને બોગદાંઓના નિર્માણથી દેશમાં રેલમાર્ગ અને મોટરમાર્ગની એક ઇન્દ્રજાળ ઊભી થઇ ગઇ. મનુષ્યના પ્રવાસ માટે માર્ગ ખરા અર્થમાં મોકળા થયા અને મળતા થયા. પ્રવાસ માણસના વ્યક્તિત્વને ઘડે અને વિસ્તારે છે. સમસ્યાઓ અને આનંદ બંનેનો અનુભવ પ્રવાસમાં થાય છે.

હવે તો હવાઇયાત્રા દ્વારા જાણે દુનિયા એક નાનું ગામ બની ગઇ છે. અનેકરંગી દુનિયાને છેડે એક દિવસમાં પહોંચી જવાય એ કંઇ નાની વાત નથી. રાઇટ બંધુઓએ આ એક અભૂતપૂર્વ ક્રાંતિ કરી છે કે હવાઇજહાજની એમણે માનવજાતને અણમોલ સોગાદ આપી.

આવું જ રેલ્વે વિશે પણ કહી શકાય. આરંભે બોમ્બે બરોડા અને સેંટ્રલ ઇન્ડિયા (બીબી એન્ડ સીઆઇ) અને ગ્રેટ

www.prepp.in

ઇન્ડિયન પેનિન્સ્યુલર રેલ્વે (જીઆઇપી) જેવી કંપનીઓ દ્વારા ચલાવાતી રેલ્વે વ્યવસ્થા અત્યારે ઇંડિયન રેલ્વે દ્વારા ચલાવાય છે. રેલસેવા પણ ભારતની જીવનરેખા છે. હવાઇયાત્રા સસ્તી થઇ છે તો જળરોમાંચ માટે જળમાર્ગો પણ છે.

અત્યારે તો યાત્રાનો સમીર વાઇ રહ્યો છે. ઉક્ત ત્રણેય માર્ગો માનવજાતને પ્રવાસ માટે આશીર્વાદ છે.

**144.** 'આશીર્વાદ'નો વિરુદ્ધાર્થી શબ્દ આપો.

(1) સામ્યવાદ

(2) અભિશાપ

(3) વાર્તાવાદ

(4) રાષ્ટ્રવાદ

**145.** એરોપ્લેનના શોધક કોણ હતા?

(1) વિલ્બર રાઇટ

(2) લોર્ડ મેકોલે

(3) લોર્ડ ડેલહાઉસી

(4) લોર્ડ માઉન્ટબેટન

**146.** 'વ્યવસાય, વ્યક્તિગત, વ્યાવસાયિક' માં ક્યો અલંકાર દૃષ્ટિગોચર થાય છે?

(1) અનન્વય

(2) રૂપક

(3) ઉપમા

(4) વર્ણસગાઇ

**147.** બીબી એન્ડ સીઆઈ અને જીઆઈપી શું છે?

(1) રેલ કંપનીઓ

(2) સમાચાર કંપનીઓ

(3) જીએસટી

(4) મંત્રાલય

**148.** 'સમીર'નો સમાનાર્થી' શબ્દ શું હશે?

(1) અનિલ

(2) ખમીર

(3) ઝમીર

(4) નીરક્ષીર

**149.** 'અનેકરંગી' કેવો સમાસ છે?

(1) અન્યપદપ્રધાન

(2) મધ્યમપદલોપી

(3) કર્મધારય

(4) બહુવ્રીહિ

**150.** 'જાણે દુનિયા એક નાનું ગામ બની ગઇ છે' વાક્યમાં આપના મતે લેખકે ક્યા અલંકારનો ઉપયોગ કર્યો છે?

(1) અનન્વય

(2) વર્ણાનુપ્રાસ

(3) ઉત્પ્રેક્ષા

(4) વ્યતિરેક

Prepp Your Personal Exams Guide

SPACE FOR ROUGH WORK

Prepp
Your Personal Exams Gu

Prepp Your Personal Exam Guide

www.prepp.in
Prepp Your Personal Exams Guide

***આપેલ સૂચનાઓ ધ્યાનપૂર્વક વાંચો :***

www.prepp.in
Prepp
Your Personal Exams Guide

1. પરીક્ષા પુસ્તિકામાં ઉત્તરો સ્પષ્ટતાથી ચીંધી બતાવાયા છે તેથી જવાબો લખતા પહેલાં પરીક્ષા પુસ્તિકા પર જવાબો લખવા માટેની સૂચનાઓ ધ્યાનપૂર્વક વાંચી જવી.
2. દરેક પ્રશ્ન માટે ચાર વિકલ્પોમાંથી સાચો ઉત્તર ઓ.એમ.આર. (OMR) ઉત્તરપત્ર પૃષ્ઠ-2 માં એક જ વૃત્તને **બ્લેક/બ્લ્યુ બૉલ પોઈંટ પેનથી** જ ભરવું. એકવાર ઉત્તર ભર્યા પછી તેને બદલી શકાશે નહિ.
3. પરીક્ષાર્થી સુનિશ્ચિત કરી લે કે આ ઉત્તરપત્રને વાળવામાં ન આવે અને તે ઉપર બીજૂં કોઈ અન્ય નિશાન પણ ન લગાવે. પરીક્ષાર્થી પોતાનો અનુક્રમાંક ઉત્તરપત્રમાં નિર્ધારિલ જગ્યા સિવાય બીજે ક્યાંય ન લખે.
4. પરીક્ષા પુસ્તિકા અને ઉત્તરપત્રનો ઉપયોગ ધ્યાનપૂર્વક કરે, કારણ કે કોઈપણ પરિસ્થિતિમાં (માત્ર પરીક્ષા પુસ્તિકા અને ઉત્તરપત્રના સંકેત (code) અથવા સંખ્યામાં વિભિન્નતા સિવાય) બીજી પરીક્ષા પુસ્તિકા આપવામાં આવશે નહિ.
5. પરીક્ષા પુસ્તિકા/ઉત્તરપત્રમાં આપેલ પરીક્ષા સંકેત અને સંખ્યાને પરીક્ષાર્થીએ ઉચિત રૂપે હાજરી-પત્રમાં લખવું.
6. OMR ઉત્તરપુસ્તિકાની સાંકેતિક માહિતી મશીન વડે વંચાશે. તેથી કોઈ માહિતી અધૂરી ન રહેવી જોઈએ એટલું જ નહીં, તે એડમિટ કાર્ડમાં આપેલી માહિતીથી અલગ ન હોવી જોઈએ.
7. પરીક્ષાર્થી દ્વારા પરીક્ષા હૉલ/કક્ષમાં પ્રવેશ કાર્ડ સિવાયની કોઈપણ જાતની પાઠ્ય-સામગ્રી, મુદ્રિત અથવા હસ્તલિખિત કાગળ, પેજર, મોબાઈલ ફોન, ઈલેક્ટ્રોનિક ઉપકરણ અથવા અન્ય કોઈપણ જાતની સામગ્રીને લઈ જવાની અથવા ઉપયોગ કરવાની મનાઈ છે.
8. મોબાઇલ ફોન અને અન્ય વાયરલેસ સંદેશાવ્યવહારના સાધનો (સ્વીચ ઓફ રાખેલી સ્થિતિમાં પણ) અને અન્ય પ્રતિબંધિત ઉપકરણો પરીક્ષાખંડમાં લાવવા નહીં. આ સૂચનાનું પાલન નહીં કરનારને સજાપાત્ર ગણીને તેની સામે તેમની પરીક્ષા રદ્દ કરવા સુધીના કડક પગલાં લેવામાં આવશે.
9. પ્રત્યેક પરીક્ષાર્થીએ, નિરીક્ષકના માંગ્યા મુજબ પોતાનું પ્રવેશ-કાર્ડ દેખાડવું.
10. કેન્દ્ર અધીક્ષક અથવા નિરીક્ષકની વિશિષ્ટ અનુમતિ વગર કોઈપણ પરીક્ષાર્થીએ પોતાનું સ્થાન છાડેવું નહિ.
11. કાર્યરત નિરીક્ષકને પોતાનો ઉત્તરપત્ર આપ્યા વગર અને હાજરી-પત્રમાં ફરીવાર સહી કર્યા વગર પરીક્ષાર્થીએ પરીક્ષા હૉલ છોડવો નહિ. જો પરીક્ષાર્થીએ બીજી વાર સહી નહિ કરી હોય તે એ માનવામાં આવશે કે તેણે ઉત્તરપત્ર પાછું આપ્યું નથી અને તેને અનુચિત સાધનનો મામલો માનવામાં આવશે.
12. ઇલેક્ટ્રોનિક/હસ્તચાલિત કેલ્ક્યુલેટરનો ઉપયોગ વર્જિત છે.
13. પરીક્ષા હૉલમાં પોતાના આચરણ (વ્યવહાર) માટે પરીક્ષાર્થી બોર્ડના બધા જ નિયમો અને વિનિયમો સાથે બંધાયેલો છે. અનુચિત સાધનોની બધી જ બાબતોનો નિર્ણય બોર્ડના નિયમો અને વિનિયમોના અનુસારે જ થશે.
14. ઉત્તરપત્ર અને પરીક્ષા પુસ્તિકાનો કોઈપણ ભાગ ગમે તેવી પરિસ્થિતિમાં જુદો કરવો નહિ.
15. **પરીક્ષા પૂર્ણ થયા પછી, પરીક્ષાર્થી કક્ષ/હૉલ છોડતા પહેલા ઉત્તરપત્ર કક્ષ-નિરીક્ષકને અવશ્ય સોંપી દે. *પરીક્ષાર્થી પોતાની સાથે આ પરીક્ષા પુસ્તિકા લઈ જઈ શકે છે.***

## निम्नलिखित निर्देशों को ध्यान से पढ़ें :

www.prepp.in

1. जिस प्रकार से विभिन्न प्रश्नों के उत्तर दिए जाने हैं उसका वर्णन परीक्षा पुस्तिका में किया गया है, जिसे आप प्रश्नों का उत्तर देने से पहले ध्यान से पढ़ लें।
2. प्रत्येक प्रश्न के लिए दिए गए चार विकल्पों में से सही उत्तर के लिए OMR उत्तर-पत्र के **पृष्ठ-2** पर केवल एक वृत्त को ही पूरी तरह **काले/नीले बॉलपॉइंट पेन** से भरें। एक बार उत्तर अंकित करने के बाद उसे बदला नहीं जा सकता है।
3. परीक्षार्थी सुनिश्चित करें कि इस उत्तर-पत्र को मोड़ा न जाए एवं उस पर कोई अन्य निशान न लगाएँ। परीक्षार्थी अपना अनुक्रमांक उत्तर-पत्र में निर्धारित स्थान के अतिरिक्त अन्यत्र न लिखें।
4. परीक्षा पुस्तिका एवं उत्तर-पत्र का ध्यानपूर्वक प्रयोग करें, क्योंकि किसी भी परिस्थिति में (केवल परीक्षा पुस्तिका एवं उत्तर-पत्र के संकेत या संख्या में भिन्नता की स्थिति को छोड़कर) दूसरी परीक्षा पुस्तिका उपलब्ध नहीं करायी जाएगी।
5. परीक्षा पुस्तिका/उत्तर-पत्र में दिए गए परीक्षा पुस्तिका संकेत व संख्या को परीक्षार्थी सही तरीके से हाजिरी-पत्र में लिखें।
6. OMR उत्तर-पत्र में कोडित जानकारी को एक मशीन पढ़ेगी। इसलिए कोई भी सूचना अधूरी न छोड़ें और यह प्रवेश-पत्र में दी गई सूचना से भिन्न नहीं होनी चाहिए।
7. परीक्षार्थी द्वारा परीक्षा हॉल/कक्ष में प्रवेश-पत्र के सिवाय किसी प्रकार की पाठ्य-सामग्री, मुद्रित या हस्तलिखित, कागज की पर्चियाँ, पेजर, मोबाइल फोन, इलेक्ट्रॉनिक उपकरण या किसी अन्य प्रकार की सामग्री को ले जाने या उपयोग करने की अनुमति नहीं है।
8. मोबाइल फोन, बेतार संचार युक्तियाँ (स्विच ऑफ अवस्था में भी) और अन्य प्रतिबंधित वस्तुएँ परीक्षा हॉल/कक्ष में नहीं लाई जानी चाहिए। इस सूचना का पालन न होने पर इसे परीक्षा में अनुचित साधनों का प्रयोग माना जाएगा और उनके विरुद्ध कार्यवाही की जाएगी, परीक्षा रद्द करने सहित।
9. पूछे जाने पर प्रत्येक परीक्षार्थी, निरीक्षक को अपना प्रवेश-पत्र दिखाएँ।
10. केन्द्र अधीक्षक या निरीक्षक की विशेष अनुमति के बिना कोई परीक्षार्थी अपना स्थान न छोड़ें।
11. कार्यरत निरीक्षक को अपना उत्तर-पत्र दिए बिना एवं हाजिरी-पत्र पर दुबारा हस्ताक्षर किए बिना परीक्षार्थी परीक्षा हॉल/कक्ष नहीं छोड़ेंगे। यदि किसी परीक्षार्थी ने दूसरी बार हाजिरी-पत्र पर हस्ताक्षर नहीं किए, तो यह माना जाएगा कि उसने उत्तर-पत्र नहीं लौटाया है और यह अनुचित साधन का मामला माना जाएगा। **परीक्षार्थी अपने बाएँ हाथ के अँगूठे का निशान हाजिरी-पत्र में दिए गए स्थान पर अवश्य लगाएँ।**
12. इलेक्ट्रॉनिक/हस्तचालित परिकलक का उपयोग वर्जित है।
13. परीक्षा हॉल/कक्ष में आचरण के लिए परीक्षार्थी बोर्ड के सभी नियमों एवं विनियमों द्वारा नियमित हैं। अनुचित साधनों के सभी मामलों का फैसला बोर्ड के नियमों एवं विनियमों के अनुसार होगा।
14. किसी हालत में परीक्षा पुस्तिका और उत्तर-पत्र का कोई भाग अलग न करें।
15. **परीक्षा सम्पन्न होने पर, परीक्षार्थी हॉल/कक्ष छोड़ने से पूर्व उत्तर-पत्र निरीक्षक को अवश्य सौंप दें।** ***परीक्षार्थी अपने साथ इस परीक्षा पुस्तिका को ले जा सकते हैं।***

## READ THE FOLLOWING INSTRUCTIONS CAREFULLY :

1. The manner in which the different questions are to be answered has been explained in the Test Booklet which you should read carefully before actually answering the questions.
2. Out of the four alternatives for each question, only one circle for the correct answer is to be darkened completely with **Black/Blue Ballpoint Pen** on **Side-2** of the OMR Answer Sheet. The answer once marked is not liable to be changed.
3. The candidates should ensure that the Answer Sheet is not folded. Do not make any stray marks on the Answer Sheet. Do not write your Roll No. anywhere else except in the specified space in the Answer Sheet.
4. Handle the Test Booklet and Answer Sheet with care, as under no circumstances (except for discrepancy in Test Booklet Code or Number and Answer Sheet Code or Number), another set will be provided.
5. The candidates will write the correct Test Booklet Code and Number as given in the Test Booklet/Answer Sheet in the Attendance Sheet.
6. A machine will read the coded information in the OMR Answer Sheet. Hence, no information should be left incomplete and it should not be different from the information given in the Admit Card.
7. Candidates are not allowed to carry any textual material, printed or written, bits of papers, pager, mobile phone, electronic device or any other material except the Admit Card inside the Examination Hall/Room.
8. Mobile phones, wireless communication devices (even in switched off mode) and the other banned items should not be brought in the Examination Halls/Rooms. Failing to comply with this instruction, it will be considered as using unfair means in the examination and action will be taken against them including cancellation of examination.
9. Each candidate must show on demand his/her Admit Card to the Invigilator.
10. No candidate, without special permission of the Centre Superintendent or Invigilator, should leave his/her seat.
11. The candidates should not leave the Examination Hall/Room without handing over their Answer Sheet to the Invigilator on duty and sign the Attendance Sheet twice. Cases where a candidate has not signed the Attendance Sheet second time will be deemed not to have handed over the Answer Sheet and dealt with as an unfair means case. **The candidates are also required to put their left hand THUMB impression in the space provided in the Attendance Sheet.**
12. Use of Electronic/Manual Calculator is prohibited.
13. The candidates are governed by all Rules and Regulations of the Board with regard to their conduct in the Examination Hall/Room. All cases of unfair means will be dealt with as per Rules and Regulations of the Board.
14. No part of the Test Booklet and Answer Sheet shall be detached under any circumstances.
15. **On completion of the test, the candidate must hand over the Answer Sheet to the Invigilator in the Hall/Room.** ***The candidates are allowed to take away this Test Booklet with them.***